
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૧ | ૧૩ નવેમ્બર, ૨૦૨૧, શનિવાર; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હવે, કો-ઓપરેટિવ બેન્કો આરબીઆઈના દાયરામાં

**રિઝર્વ બેંક ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમનો ઉદ્દેશ ફરિયાદ નિવારણ તંત્રમાં વધુ સુધારો લાવવાનો છે : સ્કીમ દ્વારા કેન્દ્રીય બેંકની રેગ્યુલેટેડ સંસ્થાઓના ગ્રાહકોની ફરિયાદોનું સમાધાન સારી રીતે કરવામાં આવશે : સ્કીમની સેન્ટ્રલ થીમ વન નેશન વન ઓમ્બડ્સમેન પર આધારિત : બેન્કિંગ સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવશે**




મુંબઈ, તા.૧૨

રિઝર્વ બેંક ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમનો ઉદ્દેશ ફરિયાદ નિવારણ તંત્રમાં વધુ સુધારો લાવવાનો છે. સ્કીમ દ્વારા કેન્દ્રીય બેંકની રેગ્યુલેટેડ સંસ્થાઓના ગ્રાહકોની ફરિયાદોનું સમાધાન સારી રીતે કરવામાં આવશે. સ્કીમની સેન્ટ્રલ થીમ વન નેશન વન ઓમ્બડ્સમેન પર આધારિત છે. આ અંતર્ગત એક પોર્ટલ, એક ઈ-મેલ અને એક જ એડ્રેસ હશે, જ્યાં ગ્રાહકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. પોતાની ફરિયાદની સ્થિતિ જાણી શકશે અને ફીડબેક પણ આપી શકશે. મલ્ટી-લિંગલ ટોલ-ફ્રી નંબર પણ આપવામાં આવશે, જેના દ્વારા તમને ફરિયાદોનું સમાધાન કરવા અને ફરિયાદો નોંધાવવા સાથે જોડાયેલી તમામ માહિતી મળી શકશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ઈર્ભે ગવર્નર શક્તિકાંત દાસ પણ સામેલ થયાં હતાં.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રિટેલ ડાયરેક્ટ સ્કીમ અને ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમને વીડિયો-કોન્ફરન્સિંગના માધ્યમથી લોન્ચ કરી છે. ઈર્ભેની રિટેલ ડાયરેક્ટ સ્કીમથી ગવર્નમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના વાયરસ રૂપ બદલે તો વેક્સિનના બૂસ્ટર ડોઝની આવશ્યકતા

**ભારત બાયોટેકના અધ્યક્ષે બૂસ્ટર ડોઝ અંગે મહત્વપૂર્ણ વાત કહી**

નવી દિલ્હી,તા.૧૨

કેટલાક દેશોમાં બૂસ્ટર શોટ આપવાની વાત સામે આવ્યા બાદ હવે ભારતમાં પણ કોરોનાના બૂસ્ટર ડોઝની ચર્ચા થવા લાગી છે. કોરોનાના બૂસ્ટર ડોઝને લઈને હજુ પણ ડોક્ટરો અને વૈજ્ઞાનિકો વચ્ચે મતભેદ જોવા મળે છે. શું ભારતમાં હવે બૂસ્ટર ડોઝ આપી શકાય છે આના પર દિલ્હી એઈમ્સના ડોક્ટરે મહત્વની વાત કહી છે. એક ડોક્ટરે કહ્યું કે, હાલ ભારતમાં બૂસ્ટર શોટ આપવાનું જોખમ ન ઉઠાવી શકીએ કેમકે ભારતમાં ફક્ત ૩૫ ટકા લોકોએ જ સંપૂર્ણ રસીકરણ કરાવ્યું છે. દિલ્હી એઈમ્સમાં ન્યુરોલોજી પ્રોફેસર અને ડોક્ટર પા શ્રીવાસ્તવે બૂસ્ટર ડોઝ ન આપવા પાછળનો તર્ક જણાવ્યો કે, જે લોકોને વેક્સીનના બંને ડોઝ લાગી ચૂક્યા છે તેમને બૂસ્ટર ડોઝ આપવાની અપેક્ષા કરતાં એ જરૂરી છે કે જે લોકોનું પૂર્ણ રસીકરણ નથી થયું તેમને ઝડપથી વેક્સીનનો બીજો ડોઝ આપવામાં આવે. તેમણે કહ્યું કે આપણા દેશની ફક્ત ૩૫ ટકા વસ્તીએ જ રસીના બંને ડોઝ લીધા છે જ્યારે વસ્તીનો એક મોટો ભાગ બાકી છે જેમને વેક્સીન આપવાની જરૂર છે. તેમણે કહ્યું કે આપણે એ વિચારવાની જરૂર છે કે શું આપણે વેક્સીનનો બૂસ્ટર ડોઝ એમને આપીએ કે જેમણે રસીના બંને ડોઝ લીધા છે, કે પછી એમને આપીએ જેમણે ફક્ત એક જ ડોઝ લીધો છે. જોકે, ડોક્ટરે કહ્યું કે બૂસ્ટર

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૨૪ કલાકમાં ૫૦૧નાં કોરોનાથી મોત

**દિવાળીના તહેવારમાં બેફામ ઉજવણી ઘાતક બની : કોરોના વાયરસનો ડેલ્ટા વેરિએન્ટ ચિંતાનું મુખ્ય કારણ, ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી કેસ ૧૦ની નીચે ગયા હતા જે વધીને ૨૦-૪૦ પર પહોંચી ગયા**

નવી દિલ્હી, તા.૧૨

દેશ છેલ્લા દોઢ વર્ષ કરતા પણ વધુ સમયથી કોરોના મહામારી સામે ઝઝૂમી રહ્યો છે. બીજી લહેરમાં તબાહી મચાવ્યા બાદ દેશમાં કોવિડ-૧૯ના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં જે આંકડા સામે આવ્યા છે તે ડરામણા છે. એક દિવસમાં કોરોનાથી દેશમાં ૫૦૧ લોકોએ જીવ ગુમાવ્યા. આવામાં કેસ ભલે કમ થઈ રહ્યા હોય પરંતુ લોકોએ ખુબ સતર્ક રહેવાની જરૂર છે. મૃતકોની સંખ્યાએ સરકારની ચિંતા વધારી છે. આ સાથે જ ગુજરાતમાં પણ કેસ વધવા લાગ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨૫૧૬ નવા કેસ નોંધાયા છે. ત્યારબાદ કુલ કેસની સંખ્યા વધીને ૩,૪૪,૧૪,૧૮૬ થઈ છે. આ સાથે હાલ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧,૩૭,૪૧૬ પર પહોંચી છે. જે ૨૬૭ દિવસમાં સૌથી ઓછી છે. સરકારી આંકડા મુજબ મહામારીના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૧ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. મૃતકોની કુલ સંખ્યા હવે ૪,૬૨,૬૯૦ થઈ છે. સતત ૩૫મો દિવસ છે કે જ્યારે કોરોનાના દૈનિક કેસ ૨૦ હજાર કરતા નીચે નોંધાયા છે. અત્રે જણાવવાનું કે માર્ચ, એપ્રિલ, અને મે મહિનામાં કોરોનાની બીજી લહેરના કારણે ખુબ તબાહી મચી હતી. જેમાં રોજેરોજ ચાર લાખથી વધુ કેસ નોંધાતા હતા. લોકોએ હોસ્પિટલોમાં બેડ અને સારવાર માટે ઝઝૂમવું પડતું હતું.

ગુજરાતમાં કોરોનાના કેસમાં એકવાર ફરીથી વધારો જોવા મળી રહ્યો છે. દિવાળીમાં લોકોની બેદરકારી અને બજારોમાં ભીડની અસર હવે જોવા મળી રહી છે. એક દિવસમાં ગુજરાતમાં ૪૦ નવા કેસ નોંધાયા છે. ત્યારબાદ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોવિડ ટેસ્ટિંગ શરૂ કરાયું છે.

## બધેલ અને સચિન પાયલટને કોંગ્રેસ હાઈકમાન્ડનું તેડું

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં આગામી વર્ષની શરૂઆતમાં થનારી વિધાનસભા ચૂંટણી અને રાજસ્થાનમાં જારી રાજકીય હલચલ વચ્ચે કોંગ્રેસ કેટલાક મોટા પરિવર્તન પર વિચાર કરી રહી છે. જેને લઈને જલ્દી જ પાર્ટી હાઈકમાન્ડ તરફથી એલાન થવાની સંભાવના છે. આ સિલસિલામાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ શુક્રવારે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને સચિન પાયલટને દિલ્હી બોલાવ્યા છે. ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ પ્રેક્ષક ભૂપેશ બઘેલ આગામી વર્ષે થનારી યુપી ચૂંટણી માટે સોનિયા ગાંધી સાથે વાત કરશે. તેમણે શુક્રવારે સવારે ૧૦ જનપથ પહોંચીને સૌથી પહેલા કોંગ્રેસ મહાસચિવ અને યૂપીમાં પાર્ટીનો ચહેરો બનીને ઉભરેલા પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે મુલાકાત કરી. જે બાદ તેઓ સોનિયા ગાંધીને પણ મળશે.

## દિવાળીમાં દિલ્હીમાં પ્રદૂષણ વધ્યું, એર ક્વોલિટી ૩૬૦

નવી દિલ્હી, તા.૧૨

રાજધાની દિલ્હીમાં ખરાબ થયેલુ વાતાવરણ સારુ થવાનુ નામ લઈ રહ્યુ નથી. આસપાસના રાજ્યમાં બળનારી પરાલી અને દિવાળીના અવસરે થયેલી આતિશબાજીના કારણે રાજધાનીમાં પ્રદૂષણ વધી ગયુ છે. શુક્રવારે કેટલાય વિસ્તારમાં એર ક્વોલિટી ૭૦૦ કરતા વધારે નોંધવામાં આવી છે. જોકે, આ આંકડો ૩૬૦ છે.

સિસ્ટમ ઑફ એર ક્વોલિટી એન્ડ વેધર ફૉરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ (સફર) દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર દિલ્હીની ઓવરવૉલ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૬૦ મેળવવામાં આવી છે. આ એર ક્વોલિટી ઘણી ખરાબ શ્રેણીમાં આવે છે. અગાઉ પણ એર ક્વોલિટી ઘણી ખરાબ નોંધાઈ છે.

દિલ્હી એનસીઆરમાં છેલ્લા કેટલાક દિવસોથી પોલ્યૂશનના કારણે વિઝિબિલિટી પર પણ અસર પડી છે. હવામાં સ્મૉગની મોટી ચાદર જોવા મળી રહી છે. કુતુબ મિનાર, લોટસ ટેમ્પલ, અક્ષરધામ મંદિરની આસપાસના વિસ્તારમાં સ્મૉગ અને લો વિઝિબિલિટી નોંધવામાં આવી છે. સાથે જ ખરાબ હવાના કારણે લોકોને શ્વાસ લેવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આમ તો દિલ્હીની સરેરાશ એક્યુઆઈ ૩૬૦ નોંધવામાં આવી છે પરંતુ કેટલાક એવા વિસ્તાર છે જ્યાં પોલ્યૂશનમાં ઘણો વધારો જોવા મળ્યો છે.

## કાશ્મીરમાં અથડામણમાં ૩ આતંકીઓ સેનાએ ઠાર કર્યા

શ્રીનગર, તા.૧૨

જમ્મુ અને કાશ્મીરમાં આતંકીઓ વિરુદ્ધ સુરક્ષાદળોની કાર્યવાહી સતત ચાલુ છે અને જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૨૪ કલાકમાં અથડામણમાં ૩ આતંકીઓ ઠાર થયા છે. દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં એન્કાઉન્ટર ચાલુ છે અને રાજ્ય પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સેનાની ૯ રાષ્ટ્રીય રાયફલ્સ અને સીઆરપીએફ સાથે મળીને સંયુક્ત અભિયાન ચલાવી રહ્યા છે. કુલગામમાં કાલે શરૂ થયેલા એન્કાઉન્ટરમાં સુરક્ષાદળોએ બીજા આતંકીને પણ ઠાર કર્યો છે. માર્યા ગયેલા આતંકી પાસેથી એકે-૪૭ રાઈફલ મળી આવી છે. અગાઉ કાલે સાંજે જવાનોએ એક આતંકીને ઠાર કર્યો હતો. કુલગામમાં માર્યા ગયેલા આતંકીની ઓળખ હિજબુલના કમાન્ડર શિરાજ મૌલવી અને યાવર ભટ્ટ તરીકે થઈ છે.


॥ શ્રી મેલડી માતાય નમઃ ॥ ॥ શ્રી અંબે માતાય નમઃ ॥

વિજયસિંહ વાઘેલા (સરગાસણવાળા)

સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

મો. ૯૯૯૮૯ ૮૮૦૬૯
મો. ૯૭૩૭૧ ૭૬૪૨૭



સરકાર માન્ય

**અંજના મોટર ડ્રાઈવીંગ સ્કૂલ**



અમારે ત્યાં નિયમો અને કાયદા સાથેનું પદ્ધતિસરનું ડ્રાઈવીંગ શીખવાડવામાં આવશે.

દુકાન નં. ૬, સિદ્ધી વિનાયક એપાર્ટમેન્ટ, સ્કૂલ ઓફ એચીવરની બાજુમાં, સરગાસણ, ગાંધીનગર


100% પાસ થવાની ગેરંટી*

**અંજના મોટર**

DRIVING TEST PRACTICE TRACK

**ડ્રાઈવીંગ ટેસ્ટ પ્રેક્ટીસ ટ્રેક**

Mo. 88667 18888




YouTube https://youtu.be/Dzx9nAdntrA

R.T.O.ની સામે, ગાંધીનગર




**RELIABILITY**



Our focus on stringent quality norms help provide a safe, efficient and cost-effective mode to conduct research for the scientific community

HIGHLIGHTS

- An Indian labware company engaged in the designing, development, manufacturing and marketing of consumables, reusables and bench-top equipments used in various laboratories and research organizations*
- Supply to over 40 countries across both developed and emerging markets
- Five manufacturing facilities located in West Bengal#
- Diversified product portfolio with over 1,700 SKUs across 300 products, as of June 30, 2021
- With over three decades of experience serving life sciences, successfully built 'Tarsons' into a leading Indian company in terms of revenue in the plastic labware market in India



Bottles & Carboys | General Labware | PCR Products

Tarsons TRUST DELIVERED

www.tarsons.com (#As of June 30, 2021) (* Source: Frost & Sullivan Report)

TARSONS PRODUCTS LIMITED

**TARSONS PRODUCTS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with Registrar of Companies, West Bengal at Kolkata on November 8, 2021. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. ICICI Securities Limited, Edelweiss Financial Services Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.edelweissfin.com and www.sbicaps.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "*Risk Factors*" on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of each jurisdictions where such offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 419 A



**અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા**

16g પ્રોટીન




₹29* / 500 mL

**અમૂલ ગોલ્ડ**

Amul 75 YEARS OF MILK & PROGRESS

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57